ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૭.૭ ડીગ્રી
લઘુતમ : ૧૦.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૫૫ ટકા

# શહેરના પતંગબજારમાં છેલ્લી ઘડીની ભીડ





ગાંધીનગર, તા.૧૩
ઉત્તરાયણ પર્વની પૂર્વ સંધ્યાએ શહેરના બજારોમાં સવારથી જ ભારે ઘરાકી જોવા મળી હતી. રવિવારની રજા હોવાથી પતંગ બજારમાં નાના બાળકોથી લઈ મોટેરાઓ પણ પતંગ દોરીની સાથે વિવિધ ખરીદીમાં વ્યસ્ત બન્યા હતા. શહેરના સેકટર-૨૧, ૨૨, ૨૪, ૭ અને ૬ માં આવેલ પતંગ બજારમાં મોડીરાત સુધી પતંગ રસિયાઓ ખરીદી કરતા નજરે પડયા હતા. જયારે મોડીરાતે બજારોમાં પતંગ ખાલી થઈ જતા વેપારીઓએ કોડી પતંગના ભાવમાં પણ વધારો ઝીંકી દીધો હતો.

ઉતરાયણને ગણતરીના કલાકો બાકી રહેતા ખરીદી માટે શહેરના બજારો ઉભરાયા હતા. પતંગ દોરીની સાથે સાથે પતંગ રસિયાઓ બોર, શેરડી, ચીકી સહિત અન્ય ચીજવસ્તુઓની પણ ખરીદી કરતા નજરે પડતા હતા. જયારે રવિવારની રજા હોવાથી પતંગબાજોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. જયારે દિવસ દરમિયાન નગરના આકશમાં રંગબેરંગી પતંગો ઉડતા અને પેચ લગાવતા પણ જોવા મળ્યા હતા. આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ ગયું હતું. જયારે શાકમાર્કેટમાં પણ વેપારીઓ તેમજ ગૃહિણીઓ ઉંધીયાને ઉપયોગી વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરી હતી. શાકમાર્કેટમાં પણ શાકભાજીના ભાવમાં વેપારીઓએ મોકો જોઈ વધારો ઝીંકી દીધો હતો. તો બીજી તરફ મોડી રાત સુધી પતંગરસિયાઓ પતંગ દોરીની સાથે મુખવટા, અવનવા ફેન્સી ચશ્મા, કેપ, બલુન વિવિધ કાર્ટુનમાં, તેમજ બ્યુગલ લેવા પડાપડી કરી રહ્યા હતા. શહેરના સેકટર-૨૧, ૬, ૭ અને સે-૨૪ માં પતંગબાજો એક પછી એક બજારમાં ફરજા જોવા મળે છે. જયારે પતંગો ખાલી થઈ જતા બજારમાં વેપારીઓ ભાવ વધારો કરતા પતંગબાજો ખરીદી કરવાનું પણ ટાળતા હોય છે. જયારે શહેરમાં એક તરફ ઉતરાયણ પર્વનો માહોલ જામ્યો છે તો બીજી તરફ વાઈબ્રન્ટનો પણ માહોલ જામતા શહેરમાં અનોખુ વાતાવરણ જામ્યું છે. જયારે નગરજનો મોંઘાવારીની બુમાબુમ કરવા છતા ખરીદીમાં વ્યસ્ત બન્યા છે.



લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા સેકટર-૧ ઉની સરકારી શાળા ખાતે ૧૫૦ બાળકોને ઉત્તરાયણની કીટ (પતંગ, ફિરકી, માસ્ક, ચિકકી, લાડુ) વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## પતંગની મજા પક્ષીઓ માટે સજા ન બને

ઉત્તરાયણના દિવસે જયારે પતંગ રસિયાઓ પતંગ ઉજાડવાની મોજ લઈ રહ્યા હોય છે ત્યારે દર વર્ષે આ મોજ પક્ષીઓ માટે સજા બનીને રહી જતી હોય છે. જયારે પક્ષીઓ સવારથી સાંજ સુધી આ પતંગની દોરીથી અજાણ રહીને આકાશમાં ઉડવાની મજા લેતા હોય છે ત્યારે ઘણા ખરા પક્ષીઓની હાલત પતંગની ધારદાર દોરી વાગવાથી કફોડી બની જતી હોય છે.

શહેરીજનો જયારે પતંગ ઉડાવીને તહેવારની ઉજવણી કરતા હોય છે ત્યારે શહેરના જ એક પ્રકૃતિપ્રેમી ગ્રુપ દ્વારા ઉત્તરાયણની ઉજવણી આ બે દિવસ દરમિયાન ઘાયલ પક્ષીઓની સારવાર કરીને થાય છે. આ ગ્રુપ દ્વારા નિઃશુલ્ક પક્ષીઓની સારવાર કરવામાં આવે છે. પ્રકૃતિ પ્રેમી ગ્રુપ દ્વારા જણાવાયું છે કે શહેરીજનો ઉત્તરાયણના બે દિવસ દરમિયાન ગમે ત્યારે નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરી પક્ષીઓને મદદરૂપ થઈ શકશે.

**હેલ્પલાઈન નંબર**

**૯૫૫૮૮૨૭૫૦૦, ૯૭૨૫૪૦૨૨૦૭, ૮૪૬૦૯૦૫૬૦૨, ૯૮૯૮૮૨૮૬૦૯, ૭૮૭૪૦૦૮૭૮૮**



સેકટર ૫/બીમાં આવેલી રાધિકા સોસાયટીમાં જય અંબે મંડળની બહેનો દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિત્તે શ્વાન માટે લાડુ તૈયાર કરવામાં આવી રહ્યાં છે. જેનું વિવિધ વિસ્તારોમાં વિતરણ કરવામાં આવશે.

# ઉત્તરાયણમાં દારૂની રેલમછેલ કરવા બુટલેગરો સક્રિય : પોલીસ એકિટવ

## ગાંધીનગર પોલીસે ચાર અલગ-અલગ સ્થળોએથી દારૂ-બિયર સહિત પોણ નવ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો : દારુની હેરાફેરી કરતા ત્રણ પકડાયા : બે ફરાર

ગાંધીનગર, તા.૧૩
એક તરફ વાયબ્રન્ટ સમિટ માથે છે તો બીજી તરફ ઉત્તારાયણ પર્વ આવ્યો છે. ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકની કડક સુચના છે કે જિલ્લામાં ક્યાંય દારૂ વેચાવો ન જોઈએ. બીજી તરફ બુટલેગરો પણ ઉતરાયણ પર્વમાં દારૂની રેલમછેલ કરવા એક્ટિવ થયા છે. નિત-નવા નુસખા અજમાવીને જિલ્લામાં દારૂ ઘૂસાડવામાં આવી રહ્યો છે ત્યારે પોલીસે આ દિશામાં બાતમીદારો સક્રિય કરીને ૨૪ કલાકમાં ચાર અલગ અલગ સ્થળોએથી દારૂ બિયરનો મસમોટો જથ્થો પકડયો છે. ગાંધીનગર એલસીબીની ટીમે કુડાસણ ત્રણ રસ્તા અને ઉવારસદ ચોકડી પાસેથી દારૂ બિયરની હેરાફેરી પકડી છે તો બીજી તરફ ડભોડા પોલીસે સોનારડા ગામ પાસેથી દારૂની હેરાફેરી પકડી છે. તે ઉપરાંત સેકટર-૨૧ પોલીસે સેકટર-૨૪માં ઝાડીઓમાં સંતાડેલો દારૂનો જથ્થો પકડયો છે. ચાર અલગ અલગ સ્થળોએથી પોલીસે દારુ સહિત પોણા નવ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી દારૂની હેરાફેરી કરતા ત્રણ શખ્સોને પકડી પાડયા છે જ્યારે બે શખ્સો નાસી છૂટવામાં સફળ રહ્યા હોવાનું જાણવા મળ્યુ છે.

જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સૂચનાથી તેમની





ટીમો દારૂની હેરાફેરી ઉપર વોચ ગોઠવી દારૂ પકડવા સક્રિય થઈ છે ત્યારે એલસીબી પીઆઈ નિરજ પટેલ અને તરલ ભટ્ટની ટીમે બે અલગ-અલગ સ્થળેથી દારૂની હેરાફેરી પકડી છે. પીએસઆઈ એચ કે સોલંકીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે કોબા સર્કલ થી શાહપુર સર્કલ તરફ આવતા સર્વિસ રોડ ઉપર કુડાસણ ખાતે પાટીદાર ઓટો કન્સલ્ટ પાસે ત્રણ રસ્તા નજીક એક મારુતિ વાન પડી છે જેમાં દારૂનો જથ્થો છે. બાતમી આધારે ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને ચિલોડામાં નવરત્ન હોટલમાં રહેતા ભવરલાલ ગીરધારીલાલ યાદવ નામના શખ્સને પકડી પાડી તપાસ કરતા ગાડીમાંથી ૧૬૨ વિદેશી દારૂની બોટલ તથા ૪૧ હજાર રોકડ મળી આવ્યા હતા. પોલીસે દોઢ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને એક શખ્સની ધરપકડ કરી ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ એલસીબીની ટીમે બાતમીના આધારે ઉવારસદ ચોકડી પાસેથી એક નંબર વગરની અતુલ લોડીંગ રીક્ષા પકડી પાડી હતી. આ લોડીંગ રીક્ષામાં ખાનગી ખાનું બનાવીને દારૂની હેરાફેરી થઈ રહી હતી. એલસીબીની ટીમે દારુ-બિયર સહિત સવા બે લાખનો મુદ્દામાલ જપ્ત કરીને અમદાવાદ માધુપુરા પોલીસ ચોકી પાસે છાપરામાં રહેતા વિક્રમ હંસરાજ પ્રજાપતિ નામના આરોપીની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી છે. તે ઉપરાંત ડભોડા પોલીસે બાતમીના આધારે વડોદરા ગામથી એક શંકાસ્પદ ગાડીનો પીછો કરીને સોનારડા પાસેથી ગાડી પકડી પાડી હતી. સોનારડા પાટિયા પાસે આ શંકાસ્પદ ગાડી નાળીયામાં ઉતરી ગઈ હતી. ગાડી મુકીને આરોપી ફરાર થઈ ગયો હતો પોલીસે ગાડીમાં તપાસ કરતા અંદરથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ડભોડા પોલીસે પોણા પાંચ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને અજાણ્યા ગાડી ચાલક સામે ગુનો દાખલ કરી ગાડીના નંબરના આધારે બુટલેગર સુધી પહોંચવા તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ સેક્ટર-૨૧ પોલીસે બાતમીના આધારે સેક્ટર-૨૪માં આવેલી ઝાડીઓમાં દરોડો પાડીને સંતાડી મૂકેલી દારૂની ૬૦ બોટલ પકડી પાડી હતી. જોકે સ્થળ પરથી આ દારૂની બોટલ સંતાડી મૂકનાર બુટલેગર મળી આવ્યો ન હતો. પોલીસે ૩૦ હજારનો દારૂ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મારી શકિત અને આવડત મુજબ મદદરૂપ થાઉં છું

## બાળપણમાં અકસ્માતે દિવ્યાંગતાનો ભોગ બનેલા યુવાનનો વારંવાર હોસ્પિટલમાં દાખલ થવાનો અનુભવ અન્યો માટે ઉપયોગી બની રહ્યો છે : ઝેરોક્ષ મશીન ચલાવની નોકરી કરતો આ યુવાન અબોલ પ્રાણીઓ પ્રત્યે પણ અનોખી સંવેદના ધરાવે છે

ગાંધીનગર, તા.૧૩
મકરસક્રાંતિનું પર્વ પતંગ-દોરીની મોજ મસ્તી સાથે દાન પુણ્યનું પર્વ છે જેમાં અબોલ કહેવાય તેવા પ્રાણીઓ જેમ કે કૂતરાં, બિલાડા, ગાય વગરેને ખવડાવવાનો અને પક્ષીઓને ચણ નાંખવાનો અનેરો મહિમા છે અને આ કાર્ય જેટલું સમુહમાં થાય તેટલું તેનું મહત્વ વધે છે કારણ કે તેમાં એક બીજાને મદદરુપ થવાની ભાવના વિકસે છે. ઘણાને એવી માન્યતા હોય છે કે કોઈને મદદરૂપ થવા માટે જાતે સક્ષમ બનવું જરુરી છે પરંતુ ગાંધીનગર તાલુકાના નાનકડા ગામ ટીંટોડાના નાનપુર પરાના મધ્યમ વર્ગીય પરિવારના દિવ્યાંગ યુવાન અમરસિંહ આ વાતને સદંતર ખોટી સાબિત કરી રહ્યા છે.

ટીંટોડાના ખેડૂત સ્વ. મંગાજી ઠાકોરના ત્રણ દિકરા અને ત્રણ દિકરી એમ છ સંતાનોમાં સૌથી નાના અમરસિંહ જયારે માત્ર ૮ વર્ષની ઉંમરના હતા ત્યારે ગામમાંથી લગ્ન પ્રસંગે જાનમાં ઝુંડાલ ગામે ગયા હતા જયાં લગ્ન સમારંભ નજીકની શાળામાં પોતાના બાળ મિત્રો સાથે રમતા હતા ત્યારે અચાનક શાળા કંપાઉન્ડનો ઝાંપો નબળા બાંધકામને પગલે તેમના જમણા પગ પર તુટી પડયો હતો. આ




અકસ્માતને પગલે તેમનો જમણો પગ ઢીંચણથી નીચે સુધીનો નકામો થઈ જવા પામ્યો હતો. આમ અચાનક મળેલી દિવ્યાંગતાને કારણે પારાવાર મુશ્કેલીઓનો ભોગ બનેલા અમરસિંહ માંડ ધોરણ-૧૦ના બોર્ડની પરીક્ષા સુધી પહોંચી શકયા પરંતુ તેમાં પાસ ના થઈ શકયા એટલે છેવટના વિકલ્પ રૂપે પિતા સાથે ફુલની ખેતીમાં મદદરૂપ થવાનું કામ અપનાવ્યા સિવાય કોઈ આરો નહોતો. થોડાક મોટા થયા પછી અમરસિંહે સાહસ કરીને ગામમાં નાનું પાન પાર્લર શરૂ કર્યુ હતું. વર્ષ ૨૦૦૬માં તેમના લગ્ન થયા અને ઘરસંસાર ચાલુ થયો. બીજી તરફ તેમના અકસ્માતવાળા પગમાં વિકાસ અટકી ગયો હતો તેમાં મુશ્કેલીઓ વધી પડી હતી જેથી વર્ષ ૨૦૦૮માં એટલે કે નાનપણમાં થયેલા અકસ્માતના ૧૭ વર્ષે ફરી પગનું ઓપરેશન કરવું પડયું. અને આ વખતે તબીબોએ તેમનો પગ ઢીંચણથી કાપીને તેમને જયપુર ફુટ એટલે કે આર્ટિફિશ્યલ ફુટનો સહારો લગાડી આપ્યો. જયપુર ફુટમાં સીસ્ટમ એવી કે જયારે પગ વાળવો હોય ત્યારે તેના નટ બોલ્ટ ખોલવા પડે અને ચાલવું હોય ત્યારે ટાઈટ કરવા પડે આ સ્થિતિમાં પાન પાર્લરના ધંધામાં પણ તકલીફ પડવા લાગી એટલે તે બંધ કરવો પડયો અને ફરી થોડો સમય ફુલની ખેતીમાં જોતરાયા હતા.

જો કે ગામના મિત્રોની મદદથી અમરસિંહે ગાંધીનગરમાં એક ખાનગી




ઝેરોક્ષ સેન્ટરમાં નોકરી મેળવી અને મિત્રોના સહારે અપડાઉન ચાલુ કર્યુ હતું. હજુ આ નોકરીમાં માંડ સેટ થયા ત્યાં તો વર્ષ ૨૦૧૪માં એકવાર જયપુર ફુટનો નટ બોલ્ટ બરાબર ટાઈટ થયો નહોતોને ઉભા થવા જતા પડી ગયા અને તે જ ઢીંચણના હાડકામાં તિરાડ પડી જવાથી ફરી ઓપરેશન કરવાની નોબત આવી પડી. આમ વારંવારના ઓપરેશનથી અમરસિંહ ગાંધીનગર તથા અમદાવાદની સિવિલ હોસ્પિટલની કાર્ય પધ્ધતિથી ખૂબ વાકેફ થઈ ગયા હતા. વળી ઝેરોક્ષની દુકાને નોકરી કરતા હોવાથી વિવિધ સરકારી દસ્તાવેજો, ફોર્મ્સ તથા નાગરિક લક્ષી કાર્યવાહીથી પણ સુપેરે વાકેફ થવા પામ્યા હતા.

આ જાણકારીના લીધે શરૂઆતમાં ગામના મિત્રોને સિવિલ હોસ્પિટલ કે જનસેવા કેન્દ્રમાં કોઈ દાખલા કઢાવવા જેવી બાબતે મુંઝવણ પડે તો તેઓ સલાહસૂચન કરતા જેથી ધીમે ધીમે તેમની આ પ્રકારની મદદ લેનારા વધવા લાગ્યા. ગાંધીનગરની વિવિધ સરકારી કચરીઓમાં ફોટો કોપી કાઢવાનો કોન્ટ્રાકટ મેળવી પોતાના મશીન મુકતા કોન્ટ્રાકટરને ત્યાં મશીન ઓપરેટરના કામમાં અમરસિંહને આઠથી નવ કલાક ઉભા ઉભા કામ કરવું પડે છે. ઉદ્યોગભવનમાં ખાણ ખનીજ વિભાગની સરકારી કચેરીમાં છેલ્લા બે વર્ષથી ઝેરોક્ષ મશીન ચલાવતા અમરસિંહ ગામમાં કોઈ પણ સાજુ માંદુ હોય તો ગાંધીનગર અથવા અમદાવાદના સિવિલ હોસ્પિટલમાં સાથે જઈને મદદરુપ થવાની સેવા તદ્દન વિના મુલ્યે પુરી પાડે છે. આ બાબતે તેમની નામના એટલી વધી છે કે માત્ર ટીંટોડા જ નહી પરંતુ છેક કડી પાસેના બાવરું, મુલાસણા, થોળ, નારોલા વગેરે ગામના ઓળખીતા પાળખીતા સિવિલ હોસ્પિટલના કામ માટે તેમની પાસે જ દોડી આવે છે. પછી ભલે કેસ અકસ્માતનો હોય કે મહિલાની પ્રસુતિનો હોય, પરંતુ સિવિલ હોસ્પિટલમાં કઈ બારીએથી કેસ કઢાવવોથી માંડીને કયાં એકસ રે પડાવવા જવું, કયાં સોનોગ્રાફી કરાવવી કે કયા ડૉકટરને બતાવવા કયાં બેસવું તે તમામ મદદ અમરસિંહ જ પુરી પાડે છે. આ કામ માટે તેઓ રાત્રે બે અઢી વાગ્યા હોય તો પણ તુરંત જ ઉભા થઈને મદદ કરવા સાથે જાય છે. એકવાર ગામનો એક યુવાન લીમડાના ઝાડ પરથી પડી જતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈને આવેલા જયાં અડધી રાત્રે ડોકટરે અમદાવાદ લઈ જવાનું કહેતા તેઓ પણ સાથે જ ગયા અને જયાં સુધી તેનું ઓપરેશન પત્યું નહી ત્યાં સુધી સાથે જ રહ્યા હતા.

માત્ર આ જ નહી ગામના કોઈ પણ વ્યકિતને જમીન દસ્તાવેજના કામથી માંડીને આવકનો, જાતિનો કે અન્ય કોઈ દાખલો કઢાવવાનો હોય, પાનકાર્ડ, આધારકાર્ડ, ચુંટણીકાર્ડ કઢાવવા જેવા કાર્યો હોય દરેકમાં માર્ગદર્શન અમરસિંહનું જ હોય અને જરૂર પડે તો સાથે પણ જાય. અમરસિંહને નાનપણથી જ અબોલ પ્રાણીઓ ગાય-કૂતરા સાથે ખૂબ લગાવ છે તેથી દરરોજ સવાર સાંજ બે ટાઈમ કૂતરાંને દૂધ પીવડાવે, મકરસંક્રાંતિમાં લાડુ બનાવવામાં પણ અગ્રેસર હોય એટલું જ નહી પરંતુ કોઈ શેરીના કૂતરાંને કોઈ બિમારી કે ચામડીના રોગ જેવી તકલીફ હોય તો દવા લાવી જાતે જ તેનો ઈલાજ પણ કરે છે. આમ સાવ સામાન્ય વર્ગના અને દિવ્યાંગતા ધરાવતા અમરસિંહ પોતાના અનુભવનો ઉપયોગ જનસેવા અર્થે કરી રહ્યા છે અને તેમને આ બાબતે પુછો તો એટલું જ કહે છે કે 'હું તો મારી શકિત અને આવડત મુજબ મદદરૂપ થાઉં છું.'

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com